## ધીરજ અને ખંત

ધારો કે તમારે કોઈ ખૂબ જ પ્રવૃત્તિમાં રહેતો હોય એવા માણસને કૈં કામને માટે મળવું છે. તમે એને ત્યાં મળવા જાઓ છો ત્યારે ત્યાં કેટલાય માણસો એને મળવા માટે આવેલા હોય છે, એટલે તમારે એને મળવા માટે ખૂબ વખત રાહ જોવી પડે છે. તમે ત્યાં શાંતિથી રાહ જોતા બેસો છો, અને એ રાહ કદાચ કલાકો લગી પણ જોવી પડે. આનું નામ ધીરજ કહેવાય.

તો બીજી કોઈ વાર એવું બને છે કે તમે કોઈને ત્યાં મળવા જાઓ છો ત્યારે તે ગેરહાજર હોય છે. એટલે તમે પછી બીજે દિવસે એને ત્યાં જાઓ છો, પણ ત્યારે પણ એનું બારણું બંધ હોય છે. તમે વળી ત્રીજે દિવસે પાછા ત્યાં પહોંચો છો પણ એ દિવસે એ માંદો પડી ગયેલો હોય છે અને તમને તે મળી શકે તેમ હોતું નથી. એ પછી તમે થોડા દિવસ જવા દો છો અને પાછો એના ઘરનો રસ્તો પકડો છો અને આ વખતે પણ જો કોઈ નવી વસ્તુ આવી ચડે અને તમે એ સજ્જનને મળી ન શકો તો તેથી તમે નિરાશ થઈ જતા નથી, પણ જ્યાં સુધી તમે એને મળી શકો નહિ ત્યાં સુધી એને ત્યાં જવાનું ચાલુ જ રાખો છો. આ રીતની જે ધીરજ હોય છે તેને ખંત કહેવામાં આવે છે.

ખંત એટલે સક્રિય બનેલી ધીરજ, ગતિ કરવા લાગેલી ધીરજ.

પૃ.૪૬

*

તમે શંકરાચાર્યનું નામ તો જાણો જ છો. એ મહાપુરુષને લીધે મલબારનો દેશ જગતમાં જાણીતો બનેલો છે. એ લગભગ બારસો વર્ષ ઉપર થઈ ગયા હતા. એ સાવ નાના હતા ત્યારથી જ તેમણે સંન્યાસી બનવાનો સંકલ્પ કર્યો હતો. એની માતાને પણ તેમનો આ ઉત્તમ વિચાર ગમતો તો હતો જ પણ એણે ઘણા વખત સુધી શંકરને સંન્યાસી થવાની રજા આપેલી નહિ.

એક દિવસે માતા અને પુત્ર બંને નદીમાં સ્નાન કરવાને માટે ગયાં હતાં. શંકરે નદીમાં ભૂસકો તો માર્યો પણ તરત જ તેને જણાયું કે એક મગરે આવીને તેનો પગ પકડી લીધો છે. શંકરને મોત જાણે હાથવેંતમાં દેખાવા લાગ્યું પણ એ ભયંકર ક્ષણે પણ એ બહાદુર બાળકના મનમાં પોતે સંન્યાસી થવું છે એ ભાવના જ રમી રહી હતી. એટલે એણે માને બૂમ મારીને કહ્યું, 'મા, મા, મને મગરે પકડયો છે. મારાથી હવે નહિ બચાય. તો કાંઈ નહિ તો મને સંન્યાસી રૂપે મરવાની રજા તું નહિ આપે, મા ?'

' ભલે, મારા દીકરા, ભલે...' ગભરાઈ ગયેલી માએ ડૂસકાં ખાતાં ખાતાં કહ્યું.

પણ સદ્‌ભાગ્યે શંકરે બળ કરીને પોતાનો પગ મગરના મોંમાંથી છોડાવી લીધો અને તે કિનારે કૂદી આવ્યો.

પછી તો તે વયમાં મોટો થતો ગયો અને સાથે સાથે વિદ્યામાં પણ મોટો થતો ગયો. એ પછી તે મહા ગુરુ બન્યો અને પોતાના અદ્‌ભુત જીવનના અંત સુધી લોકોને તત્ત્વનો ઉપદેશ કરવાનું તેણે આદરેલું મહા કાર્ય તે કરતો રહ્યો.

પૃ.૫૧
સુંદર કથાઓ

- શ્રી માતાજી

From: Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. © 0413-2331470
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી-૨ © ૦૪૧૩-૨૩૩૧૪૭૦ • October 2021
https://themothersprosperity.org

# Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

2021
OCTOBER

૧ ઑક્ટોબર,૨૦૨૧

2/3 - ૨/3

## — DESTROYING - BUILDING —

### — Right Judgment - Patience and Perseverance - Cheerfulness —

## વિનાશ – રચના

### — સાચો નિર્ણય – ધીરજ અને ખંત – પ્રસન્નતા —

[ In our life, Inner Destroying should never end, Inner Building also should continue.

At a point of time, we are shown within us something which does not need to be there any more. And we have to remove it, however much hard work and time it demand. Inner Destroying must remain active.

Inner Building also has to be continued if we want to progress in life. And during this Inner Building we must remember and maintain firmly three important attitudes: Right Judgment, Patience and Perseverance, Cheerfulness.

With these three constant, faithful companions we shall see our life progressing and being elevated. – Editor - 14.9.2021 ]

| | |
|---|---|
| માર્ગ છે, | The Path is here, |
| માર્ગદર્શક છે, | The Guru is here, |
| યાત્રી જોઈએ. | Seeker is needed. |
| - સુન્દરમ્ | - Sundaram |

## Right Judgment

Choose a good straight stick and dip it halfway into some water; the stick will appear to be bent in the middle. But that is an illusion, and if you were to think that the stick was actually bent, your judgment would be wrong. Pull out the stick and you will see that in fact it is still straight.

On the other hand, it is possible for a stick that is actually bent in the middle to appear straight if it is carefully placed in a particular way in the water.

… … …

That is why you should trust appearances as little as possible and never judge anyone lightly.

p.70

## Patience and Perseverance

You want to see a very busy man to ask him some thing. You go to his house. Already many visitors are there and he keeps you waiting a very long time before seeing you. You stay there quietly, perhaps for several hours. You are patient.

Another time, the person you wish to see is not at home when you arrive. You return again the next day, but his door is still closed. You go back a third time, but he is sick and cannot see you. You let a few days go by and then return once more. And something new again prevents you from meeting him, nevertheless you are not discouraged, but renew the attempt until at last you see him. This kind of patience is called perseverance.

Perseverance is an active patience, a patience that marches on.

p.34

The famous sage Shankara, whose name brought glory to the land of Malabar and who lived about 1200 years ago, had resolved from childhood to become a Sannyasi.

For a long time his mother, although she appreciated the nobility of his wish, did not allow him to devote himself to that way of life.

One day mother and child went to bathe in a river. Shankara dived in and felt his foot suddenly seized by a crocodile. Death seemed close at hand. But even at that dreadful moment the brave child thought only of his great project and cried out to his mother: "I am lost! A crocodile is dragging me down. But let me at least die a Sannyasi!"

"Yes, yes my son," his mother sobbed in despair.

Shankara felt such joy that he found the strength to free his foot and throw himself ashore.

From that moment he grew in learning as in years. He became a guru, and remained true to his great work of teaching philosophy to the very end of his wonderful life.

p.37
Tales of All times

- The Mother

# વિનાશ – રચના

## સાચો નિર્ણય – ધીરજ અને ખંત – પ્રસન્નતા

### સાચો નિર્ણય

એક સીધી લાકડી લો અને તેને અડધે સુધી પાણીમાં ડુબાડો. લાકડી વચ્ચેથી વાંકી થઇ ગયેલી દેખાશે. આ એક ખોટો દેખાવ છે. તમે જો એમ ધારશો કે લાકડી ખરેખર વાંકી છે તો એ વિચાર ખોટો ઠરશે. લાકડી બહાર કાઢી લો અને તમને જણાશે કે એ તો હંમેશાં સીધી જ છે.

અને આથી ઊલટું તમે એક ખરેખર વચમાંથી વાંકી હોય તેવી લાકડીને બરાબર કુશળતાપૂર્વક પાણીની અંદર અમુક રીતે ગોઠવશો તો તે સીધી પણ દેખાશે.

તો ઘણી વાર માણસોનું પણ આ લાકડીની માફક બનતું હોય છે. તમે માણસોને જો ખોટી રીતે જોશો તો એ સીધા હશે તોપણ સીધા નહિ દેખાય. અને કેટલીક વાર માણસો વાંકા હશે તોપણ તેમનો દેખાવ એવો છેતરામણો હશે કે એ તમને સીધા જ દેખાશે. એટલે જ આપણે કદી પણ દેખાવ ઉપર ભરોસો રાખવો ન જોઈએ તેમ જ કોઈને પણ વિષે ઉતાવળે અભિપ્રાય બાંધી લેવો ન જોઈએ.

પૃ.૯૬